# જગુઆરે કચ્છમાં સિરામિક યુનિટ ખરીદ્યું

સેનેટરી વેરની ઉત્પાદક કંપની જગુઆર ગ્રુપે કચ્છ સ્થિત યુરો સિરામિક લી.ને રૂા. ૧૦૦ કરોડમાં ખરીદી લીધી છે. આમ, કંપની હવે ભારતમાં પાંચ અને દક્ષિણ કોરિયામાં એક ઉત્પાદન એકમ ધરાવે છે.

કંપનીએ તેના પ્રોડક્ટસ પોર્ટફોલીયોને મજબૂત બનાવ્યો છે. તેમાં તાજેતરમાં વિવિધ પ્રકારના લાઈટીંગના ઉપકરણોનો પણ સમાવેશ થાય છે. નવા એકમના હસ્તાંતરણના પગલે કંપનીની ઉત્પાદન ક્ષમતા વધવાની સાથે ટર્નઓવર પણ વર્ષાન્તે વધીને રૂા. ૩૫૦૦ કરોડ થશે.